સાબરકાંઠા સંસદીય મત વિસ્તારમાં ચૂંટણીલક્ષી બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા સંસદીય મતવિસ્તાર માટે નિમાયેલા ખર્ચ નિયંત્રણ નિરીક્ષક સાથે આજ રોજ જિલ્લા ચૂંટણી અધિકારી બંછાનિધિ પાનીના અધ્યક્ષ સ્થાને ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ વિવિધ ટીમોના નોડલ અધિકારી અને સાત વિધાનસભા મતવિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારઓની બેઠક યોજાઈ હતી.

આ બેઠકના આરંભે જિલ્લા ચૂંટણી અધિકારી બંછાનિધિ પાનીએ ભારતીય ચૂંટણી પંચ દ્વારા સાબરકાંઠા સંસદીય મતવિસ્તાર માટે નિમાયેલા ખર્ચ નિયંત્રણ નિરીક્ષક અને આઈ.આર.એસ. કેડરના અધિકારી હિતેષ ગોદરાને જિલ્લા વહીવટી તંત્ર વતીથી આવકાર્યા હતા.

સાબરકાંઠા સંસદીય મતવિસ્તારના નિમાયેલ ખર્ચ નિયંત્રણ નિરીક્ષકઓ દ્વારા બેઠકમાં સમાવિષ્ટ વિધાનસભા મતવિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારઓ પાસેથી તેમના વિસ્તારમાં કાર્યરત વિવિધ ટીમોની તથા આજદિન સુધી થયેલ કામગીરીની માહિતી મેળવી હતી. ખર્ચ નિયંત્રણ નિરીક્ષકઓ દ્વારા સંબંધિત વિસ્તારમાં ખર્ચ અંતર્ગત ધ્યાને રાખવા જેવી બાબતો પર સર્વે એ.આર.ઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

ત્યારબાદ એક્ષપેન્ડિચર મોનીટરીગના નોડલ અધિકારીશ્રી અને અધિક કલેકટર ધનાણી દ્વારા ફ્લાઈંગ સ્કવોર્ડની કામગીરીની રૂપરેખા આપી જણાવ્યું હતું કે, અત્યાર સુધી સાબરકાંઠા કુલ- ૭ ટીમોની રચના કરવામાં આવી છે. જયારે વીડિયો સર્વેલન્સ ટીમ કુલ- ૭ ટીમો કાર્યરત છે હોવાનું જણાવ્યું હતું. તે ઉપરાંત વિડિયો વ્યુવીગ , એકાઉન્ટીંગ ટીમના એમ.સી.એમ.સી અને સ્ટેટીક સર્વેલન્સ ટીમની કામગીરીની માહિતી ખર્ચ નિયંત્રણ નિરીક્ષકઓ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.સાથે જ અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીની કાર્ય-ણાલીથી વાકેફ કરાયા હતા.

આ બેઠકમાં અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે.ભટ્ટ, ચીફ નોડલ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસ વડા શ્રી ચિરાગ કોરડીયા, નોડલ ઓફિસર ફોર ઓબ્ઝર્વર વિક્રમ પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એફ.એ.બાબી સહિત સાબરકાંઠા સંસદીય મતવિસ્તારમાં કાર્યરત વિવિધ ટીમના નોડલ અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિતિ રહયાં હતાં.

જુનામાકા-પાટણ ખાતે પ.પૂ. પ્રાગદાસ બાપાની ૧૬મી પુણ્યતિથિ નિમિત્તે શિવકથા યોજાશે

કથા દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે

પાટણ, તા. ૨

પ.પૂ. પ્રાગદાસ બાપાની ૧૬મી પુણ્યતિથિ ઉજવવામાં આવશે. રામમઢી, જુનામાકા ગામ, જી. પાટણ ખાતે શિવમહાપુરાણ, રામનવમી, હનુમાન જયંતિ અને માફતિ યજ્ઞનો ઉત્સવ ઉજવાશે.

પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટના લાભાર્થે પંચ ઉત્સવ મનાવાશે. બાપાની ૧૬મી પુણ્યતિથિ નિમિત્તે સંજયભારતી ગોસ્વામી બાપુ ગાંધીનગરની વ્યાસપીઠે તા. ૭ એપ્રિલના રોજ સિવકથાનો શુભારંભ કરવામાં આવશે. બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન તા. ૧૫ એપ્રિલ સુધી કથા ચાલશે.

તેમજ કાર્યક્રમ દરમિયાન તા. ૮ એપ્રિલ સાંજે ૬.૦૦ કલાકે કથા સ્થળ પર સુંદરકાંડ પાઠ, તા. ૧૪ એપ્રિલ સોમવાર, રાત્રે ૮.૦૦ કલાકે સંતોની સંતવાણી અને તા. ૧૫ એપ્રિલ સવારે ૧૦ વાગે હનુમાન જયંતિ અને પ્રાગદાસ બાપાની ૧૬મી પુણ્યતિથિ મહોત્સવ શૈલેષભાઈ પટેલના યજમાન પદે યોજાશે.

પ્રાંતિજની સંસ્કાર વિદ્યાલયનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ સંપન્ન

પ્રાંતિજ, તા. ૨

એસ.એમ.વી. સોસાયટી, પ્રાંતિજ સંચાલિત સંસ્કાર વિદ્યાલયમાં ગઈકાલે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલી, વાલેદારોની હાજરીમાં મહેમાનોના હસ્તે ઈતર પ્રવૃત્તિના વિજેતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે સમાજના આશાસ્પદ નવયુવાનો ઓસ્ટેર્લિયા નિવાસી મો વસીમ અલીમોહંમદ કારકુન, દોહા-કતાર સ્થિત પાનવાલા મહેબુબહુસેન અ. રહીમ, મો. ઉઝૈર રઈશભાઈ કરબાતી, અબ્દુલ મુક્તિ મો. યુનુસ ખેરોલવાલા, નાહીદ અ. ગફફાર વ્હોરા, એક્ષપેરિમેન્ટલ સ્કૂલના પ્રિ. શ્રીકાંતભાઈ સી. પટેલ, નિવૃત્ત આચાર્ય મો. ઉમર ઉદણવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મહેમાનોના

હસ્તે નાના બાળકોને ઈનામો તથા પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય અબ્દુલ્લાભાઈએ. વ્હોરા, શિક્ષક ગણ તેમજ શાળા સંચાલક ટ્રસ્ટ એસ.એણ. વી. સોસાયટીના ટ્રસ્ટીઓએ હાજરી રહી સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ઉપશિક્ષક સાહિસ્તાબેન દલાલે કર્યુ હતુ.

મોડાસામાં બ્રહ્મસમાજનો ૨૮મો પાટોત્સવ યોજાયો

મુલોજ, તા. ૨

મોડાસા ખાતે નંદનવન સોસાયટીમાં આવેલ સમાજભવનમાં એકલીંગજી દાદાનો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ ભાગ લીધો હતો. આ પાટોત્સવમાં નવ રચીત અરવલ્લી જિલ્લાના કલેક્ટર બી.જે. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેમનું સન્માન સમાજના પ્રમુખ ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપેન્દ્ર જોષી અને રાજુભાઈ ઉપાધ્યાયએ કર્યુ હતુ. બાદમાં ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાએ પાટોત્સવમાં દાદાના દર્શનનો લાભ લઈ શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદ લીધો હતો. ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા માટે કેતન ત્રિવેદી, હરિ ભટ્ટ, પ્રવિણ ઉપાધ્યાય, જયેશભાઈ ઉપાધ્યાય, મનોજ ઉપાધ્યાય, ચેતન ઉપાધ્યાય વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

પોશીના તાલુકામાં બી.એસ.એન.એલ.નાં ધાંધીયા

આજના ઝડપી યુગમાં જયારે ખાનગી કંપનીઓ ગ્રાહકોને ભરપૂર સેવાઓ પૂરી પાડી રહી છે ત્યારે પોશીના તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં બી.એસ.એન.એલ.ની કામગીરી કથળતી જાય છે.

દેલવાડાના પ્રકાશભાઈ વ્યાસ અને નટુભાઈ પરમારના જણાવ્યા અનુસાર આ વિસ્તારના દાંતીયા, સેબલીયા, છોચર, ગુણભાંખરી, ઉંબરવા જેવા ગામોમાં બીએસએન એલના લગભગ ૮૦ થી ૯૦ લેન્ડલાઈન ફોન હતા જે છેલ્લા કેટલાય સમયથી બંધ હાલતમાં છે. જેને લઈ વિસ્તારના લોકોએ તંત્રને રજુઆત કરવા છતાં ટેલીફોન સેવા ચાલુ કરવામાં આવતી નથી. તંત્ર દ્વારા ફકત મોટી જાહેરાતો જ કરવામાં આવે છે છેવાડાના લોકોને ટેલીફોન સેવા મળતી નથી. જેથી વિસ્તારમાં સત્વરે લેન્ડલાઈન ચાલુ કરવામાં આવે તેવી લોકોની માંગણી છે.

ખેડબ્રહ્મામાં ભગવાન ઝુલેલાલના પ્રાગટય દિનની ઉજવણી

ખેડબ્રહ્મામાં સિંધી સમુદાય દ્વારા ચેટીચાંદની મંગળવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભગવાન ઝૂલેલાલની શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં સમગ્ર સિંધી સમાજ જોડાયો હતો. ખેડબ્રહ્મામાં સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ એટલે કે ભગવાન ઝૂલેલાલના પ્રાગટય દિનની ઉજવણી કરવામાં આવી હતી. સિંધી સમાજ ભગવાન ઝુલેલાલને તેમના આરાધ્ય ઈષ્ટ તરીકે પૂજે છે તેથી ભગવાન ઝુલેલાલનો જન્મોત્સવ ચેટીચાંદ તરીકે ઉજવવામાં આવે છે. ખેડબ્રહ્મા સિંધી સમાજ દ્વારા મંગળવાર સાંજે ૬ વાગે ભગવાન ઝૂલેલાલની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં અશોકભાઈ ચાવલા-વાસુભાઈ આહુજા-વિજયભાઈ ચાવલા (ગગાભાઈ) તથા રમેશભાઈ વાધવાણી સહિત સમગ્ર સિંધી સમાજ જોડાયો હતો. (રમેશ વૈષ્ણવ)

ખેડબ્રહ્માની કોર્ટમાં માર્ગ અકસ્માતના ગુનામાં સજા અને વળતરનો હુકમ

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા શહેરમાં સ્ટેટ હાઈવે પર બે વાહનો વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક મહિલાનું મોત નિપજવાના ગુનામાં વાહન ચાલકને ખેડબ્રહ્મા કોર્ટે સજા અને વળતરનો હુકમ કરતાં અકસ્માતમાં ભોગ બનેલ પરિવારે રાહત સાથે સંતોષ વ્યકત કર્યો હતો.

આ અંગેની વિગતો એવી છે કે ખેડબ્રહ્મા શહેરના ઉન્ડવા પાસે ગત તા. ૨૦ એપ્રિલ ૨૦૦૮ના રોજ વડાલી તરફથી આવતા ટેમ્પા નંબર જીજે-૦૯-૪૪૯૪ના ચાલક ડાભી બલવંતસિંહ કાન્તિસિંહ રહે. ચાંડય તા. ઈડરએ પોતાના કબજાનાં ટેમ્પો ગફલતભરી રીતે અને પુરઝડપે ચલાવી સામેથી આવતી રીક્ષાને જોરદાર ટકકર મારી હતી. જે અકસ્માતમાં યાદવ બસંતીબેન ઈશ્વરપ્રસાદનું મોત નિપજયું હતું અને અન્ય મુસાફરોને ઈજાઓ પહોંચાડી ટેમ્પાચાલક નાસી ગયો હતો. જે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ કેસ ખેડબ્રહ્મા જયુ. મેજી. રાજેશકુમાર બી. જોષીની કોર્ટમાં ચાલી ગયો હતો જેમાં ખેડબ્રહ્માના એ.પી.પી. જે.એ. રાવલની પુરાવા સહીતની ધારદાર દલીલો માન્ય રાખી બલવંતસિંહ ડાભીને ક્રિ.પો. કોડની કલમ ૨૪૮ (૨) અને ઈપીકો કલમ ૨૭૯ ગુનેગારને છ માસની કેદની સજા અને દંડ તેમજ દંડ પી.કો. કલમ ૩૦૪ (અ) મુજબના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૫૦૦ દંડ આ ઉપરાંત ૩૩૭ના ગુનામાં છ માસની સાદી કેદ તથા રૂ. ૫૦૦નો દંડ કરવામાં આવ્યો છે. અને જાહેર રસ્તાઓના આ ગુનાની તમામ સજાઓ એક સાથે ભોગવવાનો હુકમ કર્યો હતો. આવા રસ્તાઓ પર બેફામ ચલાવતા વાહન ચાલકો માટે દાખલો બેસે એ હેતુથી ક્રિ.પો. કોડની કલમ ૩૫૭ અન્વયે માર્ગ અકસ્માતમાં મરણજનાર બસંતીદેવી યાદવના વારસદારોને રૂ. ૧૦,૦૦૦ તથા ઈજાગ્રસ્ત આકાશકુમાર ઈશ્વરપ્રસાદ યાદવને રૂ. ૧૦,૦૦૦ વળતર રૂપે આરોપી બલવંતસિંહ ડાભીએ ચુકવવા હુકમ કરેલ છે. સાત વર્ષ પછી પણ અકસ્માતમાં ભોગ બનેલ પરિવારને ન્યાય મળતાં આ પરિવારે ન્યાય પ્રક્રિયા અંગે સંતોષ વ્યકત કર્યો હતો.

હરિભાઈ ચૌધરી ચોથીએ ઉમેદવારીપત્ર ભરશે

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા લોકસભા મતક્ષેત્રના ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરી પોતાના હજારો સમર્થકો સાથે આવતીકાલ શુકવારે પોતાની ઉમેદવારી નોંધાવશે.

લોકસભાની ચૂંટણીના ઉમેદવારી પત્રો ભરવા માટે ઉમેદવારો સંપૂર્ણ રીતે તૈયારીમાં લાગી ગયા છે ત્યારે ગુજરાતની ૨૬ બેઠક માટે પણ ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવા લાગ્યા છે. જૈપકી બનાસકાંઠા સંસદીય મતક્ષેત્રના ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરી આવતીકાલ તા. ૪ એપ્રિલ ૨૦૧૪ને શુકવારે બપોરે ૧૨.૩૯ કલાકે વિજયમુહુર્તમાં પોતાના હજારો સમર્થકો સાથે પોતાનું ઉમેદવારી પત્ર ભરશે. ઉપરાંત હરિભાઈ ચૌધરી વિશાળ કાર્યકર્તા સંમેલનમાં પણ ભાગ લેશે.

પ્રાંતિજના લીમલાની પરણિતાને ત્રાસ આપતા સાસરીયા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના લીમલા ગામની એક મહિલાને તેના સાસરીયા દ્વારા ત્રાસ અપાતા આ પરણિત મહિલા તેના સાસરીયા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનને ફરિયાદ કરી છે.

પ્રાંતિજ પાસેના લીમલા રોડ ઉપરની બાજુમાં રહેતા માયાબેન રાઠોડના લગ્ન માણસા તાલુકાના લક્ષ્મીપુરા ગામના રીતેશસિંહ રાઠોડ સાથે સામાજિક રીતરીવાજ મુજબ થયા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી માયાબેન તથા ઘરના લોકોમાં બોલચાલ અને કકળાટ તો હતો અને સાસરીયા પક્ષના લોકો મારફતે માયાબેનને શારિરીક માનસિક ત્રાસ આપી મારઝુડ કરી ઘરમાંથી હાથ ખેંચીને કાઢી મુકતા માયાબેન રાઠોડે સાસરીયાના ચાર વ્યકિત વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કેન્દ્રીય સેવાઓમાં ગુજરાતનાં સૌથી વધુ વિદ્યાર્થી જોડાય તેવા સંકલ્પ સાથે 'નવોન્મેષ'નો સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે શુભારંભ કરાવ્યો

મુખ્ય અતિથિ તરીકે સંનિષ્ઠ સનદી અધિકારી શ્રી પ્રવીણભાઈ લહેરી ઉપસ્થિત : યુપીએસસીમાં ગુજરાતમાંથી સફળ ૪૬ અધિકારીઓની મુલાકાતના સંગ્રહ 'લક્ષ્યવેધ'નું લોકાર્પણ

વલ્લભ વિદ્યાનગર, ૦૨

ભારતના સમવાયતંત્રના બંધારણમાં કેન્દ્ર અને રાજયો વચ્ચે ઉચ્ચ વહીવટીતંત્રમાં એકવાકયતા રહે તે માટે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે ભારતીય પ્રશાસનિક સેવા(આઈએએસ) અને ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ)ની રચના કરતાં તેનો બંધારણમાં સ્વીકાર કરાવ્યો એ તેમનું વિશેષ યોગદાન હોવાનું ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા સંનિષ્ઠ સનદી અધિકારી શ્રી પ્રવીણ ક.લહેરીએ જણાવ્યું હતું.

ચારુતર વિદ્યામંડળની એચ.એમ.પટેલ કરિયર ડેવલપમેન્ટ સેન્ટર અને સીવીએમ આઈએએસ

ઍકેડેમીના ઉપક્રમે યુપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અભિમુખતાના નવતર કાર્યક્રમ 'નવોન્મેષ'નો ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના હસ્તે શુભારંભ થયો. બીવીએમ ઑડિટોરિયમમાં વિશાળ સંખ્યામાં સનદી સેવામાં જવા ઉત્સુક વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ડૉ.સી.એલ.પટેલ હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત નિવૃત્ત આઈએએસ અધિકારી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને સભ્ય સચિવ શ્રી લહેરીએ કહ્યું હતું કે છેલ્લાં દશ વર્ષમાં ૮૦થી વધુ ગુજરાતનાં વિદ્યાર્થીઓ ઉપરોક્ત સેવામાં પસંદગી પામ્યાં છે અને હવે દર વર્ષે લેખિત

પરીક્ષા પસાર કરનારનો આંકડો ૪૦ને વટાવી ગયો છે એ આનંદની વાત છે. જો કે આ આંકડો ૧૫૦ થી ૨૦૦ સુધી પહોંચે તો ગુજરાતની વસતીના પ્રમાણમાં સફળતા મળી રહે એમ કહી શકાય. સરદાર પટેલ જેવા મહાન ગુજરાતી દ્વારા સ્થપાયેલી અખિલ ભારતીય સેવાઓ અને કેન્દ્રીય સેવામાં ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ સાવ નગણ્ય હોય તે એક વિસંવાદિતા ગણી શકાય. આપણે બધાએ મળીને અમદાવાદના સ્પીપા પછી હવે ચારુતર વિદ્યામંડળના ઉપક્રમ એવી આઈએએસ ઍકેડેમી સનદી સેવામાં જવા ઉત્સુક વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બને એવી અપેક્ષા અને શુભેચ્છા તેમણે પાઠવી હતી.

આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ચારુતર વિદ્યામંડળની બંને આયોજક સંસ્થાઓને અભિનંદન આપતાં તેમના નિયામક ડૉ.હરિ દેસાઈને નિર્દેશ વિદ્યાર્થીઓ સીવીએમ આઈએએસ ઍકેડેમીમાં તાલીમાર્થી તરીકે જોડાય તેમની પાસેથી કોઈપણ ફી વસુલ કરવાને બદલે સમાજની વિશાળ સેવા માટે સીવીએમ એમને તૈયાર કરવાનો બધો ખર્ચ વહોરશે પરંતુ આ વિદ્યાર્થીઓ તાલીમાર્થી તરીકે વધુમાં વધુ દિવસ હાજરી આપે એ પ્રકારની બાંહેધરી તેમની પાસેથી લેવામાં આવે. ઉદ્‌ઘાટન સમારંભમાં વિશેષ અતિથિ તરીકે લંડન ખાતે 'ગુજરાત સમાચાર' અને 'એશિયન વૉઈસ' સાપ્તાહિકોના પ્રકાશક અને તંત્રી શ્રી સી.બી.પટેલે ઉપસ્થિત રહીને સીવીએમના આ નવા ઉપક્રમને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોમાં ડૉ.સી.એલ.પટેલ, શ્રી સી.બી.પટેલ, સીવીએમના માનદ સહમંત્રી પ્રિ.આર.સી.દેસાઈ તેમ જ સંસ્થાના નિયામક ડૉ.હરિ દેસાઈ હતા. ગુજરાતના ૪૬ જેટલા આઈએએસ, આઈપીએસ સહિતની કેન્દ્રીય સેવામાં જોડાવામાં સફળ થયેલાંના ઈન્ટરવ્યૂના સંચય 'લક્ષ્યવેધ'(લેખક : હેમેન ભટ્ટ) પુસ્તકનું લોકાર્પણ મહાનુભાવોને હસ્તે થયું હતું.

ગુજરાતના શ્રેષ્ઠ ટ્રેઈનર ગણાતા સ્પીપાના સંયુક્ત નિયામક તથા ગુજરાત સરકારના સંયુક્ત સચિવ તરીકે નિવૃત્ત થયેલા શ્રી જે.એમ.આચાર્ય અને આણંદ જિલ્લાના સહાયક કલેક્ટર આઈએએસ અધિકારી શ્રી ગૌરાંગ મકવાણાએ સમગ્ર દિવસ દરમિયાનનાં સત્રોમાં યુપીએસસીની પરીક્ષા અંગે વિશદ માર્ગદર્શન આપ્યું હતું અને પ્રશ્નોના ઉત્તર વાળ્યા હતા. આ પ્રસંગે વિવિધ સત્રોમાં ગુજરાત અને મુંબઈના મુખ્ય કસ્ટમ કલેક્ટર રહેલા જાણીતા લેખક શ્રી બકુલ બક્ષી, જાણીતા સમાજશાસ્ત્રી અને સ્પીપામાં આઈએએસના મુલાકાતી અધ્યાપક ડૉ.ગૌરાંગ જાની તેમ જ ગુજરાત યુનિવર્સિટી અને ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ રહેલા ડૉ.નરેશ વેદ સહિતના અનેક મહાનુભાવોએ સનદી સેવામાં જોડાવા ઉત્સુક વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.

વિવિધ સત્રોમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ અને માનદ સહમંત્રી શ્રી વી.એમ.પટેલે અધ્યક્ષતા કરી હતી. માનદ સહમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમ જ વિવિધ કોલેજોના આચાર્યો અને અધ્યાપકો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રારંભમાં સ્વાગત પ્રવચનમાં મહાનુભાવોનો પરિચય સંસ્થાના નિયામક ડૉ.હરિ દેસાઈએ કરાવ્યો હતો. આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ડૉ.મહેશભાઈ ખ્રિસ્તીએ પ્રાર્થના રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આભારદર્શન શ્રીમતી નીતા પટેલ અને શ્રી દિનેશ ચૌહાણે કર્યું હતું.

મુલોજની મહિલાએ કૂવામાં પડતું મૂકી મોતને વ્હાલુ કર્યું

મુલોજ, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મુલોજ ગામની ૩૦ વર્ષીય મહિલાએ કૂવામાં પડતું મુકી જીવનનો અંત આણતાં મુલોજ ગામમાં ચકચાર મચી જવા પામી હતી.

મોડાસા તાલુકાના મુલોજ ગામે પરિવાર સાથે રહેતા ભલાભાઈ ખાંટની પત્ની કૈલાશબેને મંગળવારે સવારે અચાનક ઘરેથી દોડી નજીકમાં આવેલ એક ખાલી કૂવામાં પડતું મુકતા આ મહિલાનું ગંભીર ઈજાઓને કારણે મોત થયું હતું.

મૃતક મહિલાના પતિ ભલાભાઈ ધનાભાઈ ખાંટે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને કરેલ જાણવા જોગમાં આ મહિલા છેલ્લા કેટલાક સમયથી મગજની બિમારીથી પીડાતી હોવાનું જણાવ્યું હતું. મોડાસા રૂરલ પી.એસ.આઈ એ.કે. વાળાએ મહિલાના મોતનો ગુનો નોંધી શંકાસ્પદ મોતની વધુ તપાસ હાથ ધરી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧